eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 315
June 01, 2012

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૪/૦૫/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્દઘાટનવિધિ



સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસ થવાની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં કુલ–૬(છ) પ્રકલ્પોની પૈકી–૩ ખાતમુર્હુતવિધિ તથા ૩ લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૫/૦૫/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્દઘાટનવિધિ



સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં કુલ–૭(સાત) પ્રકલ્પોની પૈકી–૪ લોકાર્પણવિધિ તેમજ ૩ ખાતમુર્હૂતવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭/૦૫/૨૦૧૨ ના રોજ મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્દઘાટનવિધિ

સુરત શહેર તાપી નદીનાં બન્ને કિનારે વિસ્તરેલું અને વિકાસ પામતું શહેર છે. સુરત શહેરનો ઉત્તરોત્તર વિકાસને ધ્યાને લેતાં "સુરત શહેર ગુજરાતનું ગૌરવ છે." ગુજરાતની સમૃધ્ધિ, વિકાસની વાત થતી હોય તો સુરત સુવ્યવસ્થિત શહેર બન્યું છે. જેમાં સુરત મહાનગરપાલિકાનાં શાસકપક્ષની ટીમ સતત પ્રયત્નશીલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સામાજીક–આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી–૨૦૧૧ દરમ્યાન એકત્રીત કરવામાં આવેલ માહિતી/વિગતો પ્રસિધ્ધ કરવા બાબત

સામાજીક–આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી–૨૦૧૧ દરમ્યાન એકત્રીત કરવામાં આવેલ માહિતી/વિગતો ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જે પરત્વે જણાવવાનું કે જે કુટુંબો પોતાની માહિતી(જાતિ સિવાયની) જાહેર સ્થળે પ્રદર્શિત કરવા માંગતા ન હોય તેઓએ નિયત નમુનામાં લેખિત અરજી તેમના વિસ્તારમાં આવેલ ઝોન કચેરીમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે "ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન" અન્વયે મીટીંગનું આયોજન

તા.૨૧/૦૫/૨૦૧૨ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે "ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન" અન્વયે ઝોનલ ચીફશ્રી અને સીટી ઈજનેરશ્રીના અધ્યક્ષ સ્થાને સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ/પ્રતિનિધિઓની સાથે ખાડીપુર/નદીપુર જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, સાફસફાઈ તથા પુનઃવસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સમર કેમ્પ ૨૦૧૨



સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર દ્વારા બાળકોની સુષુપ્ત શકિતઓ ખીલે તથા તેઓ વિજ્ઞાન અને કળા જેવા ક્ષેત્રોમાં રસ કેળવે તે હેતુસર સાયન્સ સેન્ટર ખાતે તા. ૦૧/૦૫/૨૦૧૨ થી તા. ૧૦/૦૫/૨૦૧૨ સુધી ૧૦ દિવસ માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં સાયન્સ સેન્ટરના સ્ટાફ ઉપરાંત અન્ય તજજ્ઞો દ્વારા બાળકોને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૪/૦૫/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદ્દઘાટનવિધિ

સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસ થવાની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં કુલ–૬(છ) પ્રકલ્પોની પૈકી–૩ ખાતમુર્હૂતવિધિ તથા ૩ લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી.





બમરોલી તથા અલથાણ–ભીમરાડને જોડતી કાંકરાખાડી ઉપર બ્રીજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સૂચિત બ્રિજ સાકારીત થવાથી ટ્રાફિકનું ભારણ ઓછું થશે અને અલથાણ, ભરથાણા, ભટાર, વેસુ, મગદલ્લા, ડુમસ તથા પૂર્વે તરફે બમરોલી, પાંડેસરા, ભેસ્તાન, વડોદ, સચીન વિસ્તારને મીડલ રીંગરોડ સાથેનું સીધું જોડાણ મળશે. જેના કારણે સુરત શહેર તથા બહારનાં આવતાં વાહન ચાલકો મળી કુલ–૨ લાખની વસ્તીને સરળ પરિવહનનો લાભ પ્રાપ્ત થશે જેના કારણે પ્રજાજનોના સમયમાં વધારા સાથે સાથ વાહન પ્રદૂષણમાં પણ ઘટાડો નોંધાશે ઈંધણનો બચાવ થશે. આ પુલની સૂચિત લંબાઈ ૫૧૪.૬૧ મી. તથા પહોળાઈ ૨૮.૩૦ મી.(ત્રણ લેન અપ તથા ત્રણ લેન–ડાઉન) તેમજ આ બ્રીજ કુલ–૧૮.૬૮ કરોડનાં ખર્ચ નિમાર્ણ કરવામાં આવશે.

સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૮૦ સુલતાનાબાદ ભીમપોર ખાતે ફા.પ્લોટ નં.૨૮૨ ખાતે એક હેલ્થ સેન્ટર તથા વાંચનાલયનું ખાતમુર્હૂત થતાં હવે શહેરની પ્રજાજનોને તમામ સુવિધા જેવી કે શિક્ષણ આરોગ્ય તેમજ આવશ્યક જરૂરીયાત મુજબની પ્રાથમિક સારવાર મળી રહે જે હેતુસર ડીસ્પેન્સર, મેડીકલ ઓફિસરરૂમ ડ્રેસીંગ અને ઈન્જે રૂમ તથા પ્રથમમાળે નર્સીગ કવાર્ટસોનું આયોજન કરવામાં આવેલ છે. જેનું નિર્માણ ખર્ચ રૂા.૮૧.૦૨ લાખમાં કરવામાં આવશે. જે ખૂબ જ સત્વરે પૂર્ણ કરી ડુમસ–ભીમપોર કાંઠા વિસ્તારની ૧૯,૦૦૦/– વસ્તીને પ્રાથમિક આરોગ્યને લાગત સુવિધા પૂરી પાડવામાં આવશે.જેવી રીતે છેવાડાના માનવીને પાયાના શિક્ષણની જરૂરીયાત રહેતી હોય. જેથી હવે સુરત મહાનગરપાલિકાએ આજના અધતન કોમ્પ્યુટરયુગમાં કોમ્પ્યુટરનાં શિક્ષણ સહિત પ્રજાજનોનાં બાળકોને દૂરશિક્ષણ મેળવવા ન જવુ પડે જે હેતુસર એક સુંદર પ્રા.શાળાનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં ૭ કલાસરૂમો, એક આચાર્ય ઓફિસ, સ્ટાફ રૂમ, કોમ્પ્યુટર રૂમ/લાઈબ્રેરી તથા આ પ્રા.શાળાનું નિર્માણ રૂા.૭૨.૪૭ લાખમાં થનાર છે. જે શાળામાં ૯૦૦૦ જેટલી વસ્તીમાં રહેતાં પ્રજાજનોનાં બાળકોને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે.

**Continue ...**



કોસાડ EWS આવાસ, એચ–૪ તથા EWS આવાસ, એચ–૫,રીલાયન્સ ચાર રસ્તા નજીક સુરત મહાનગરપાલિકાએ ગરીબ મધ્યમ વર્ગનાં લોકો, બાળકોને પાયાનું શિક્ષણ આજના અદ્યતન કોમ્પ્યુટર યુગમાં ખુબ જ આવશ્યક થઈ રહયું છે. જે ધ્યાને લેતાં છેવાડાનાં નાગરિકનાં બાળકને શિક્ષણ મેળવવા દૂર સુધી જવું ન પડે જે આશયથી EWS આવાસ, એચ–૪, રૂા.૭૪.૫૮ લાખનાં ખર્ચે બનાવી. જેમાં કલાસ રૂમ નંગ–૫, પ્રિન્સીપાલ રૂમ તથા કોમ્પ્યુટર રૂમ તેમજ બાળકોનાં સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ રમતગમતનાં મેદાન તથા પાર્કીંગ જેવી સુવિધા પુરી પાડી EWS આવાસ, એચ–૫ માં રૂા.૫૮.૭૧ લાખનાં ખર્ચે ગ્રાઉન્ડ ફલોર તથા ફસ્ટ ફલોર/સેકન્ડ ફલોરની સુવિધા સાથે પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરેલ છે. કતારગામ લલીતા ચોકડી ખાતે આજુબાજુનાં વિસ્તારનાં લોકોનાં બાળકોને પાયાનું શિક્ષણ મળી રહે તથા બાળકોનાં પાયાનાં શિક્ષણનો સર્વાંગી વિકાસ સંધાય. જે હેતુસર પ્રાથમિક શાળાનું નિર્માણ રૂા.૧૦૮.૨૪ લાખનાં ખર્ચે ૬ કલાસરૂમ,કોમ્પ્યુટર રૂમ તમામ સુવિધાને ધ્યાને લઈ સાકારિત કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. તેમજ શાળામાં તમામ સુવિધા પ્રાપ્ત થઈ શકે જે આશયથી શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ એ લોકાર્પણ કરેલ છે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલ, ડે.મેયરશ્રીમતિ વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા. કમિશ્નરશ્રી એમ.કે.દાસ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૫/૦૫/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદ્‌ઘાટનવિધિ



સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં કુલ–૭(સાત) પ્રકલ્પોની પૈકી–૪ લોકાર્પણવિધિ તેમજ ૩ ખાતમુર્હૂતવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી.

સુરત શહેર તાપી નદીનાં બન્ને કિનારે વિસ્તરેલું અને વિકાસ પામતું શહેર છે.સુરત શહેરનો ઉત્તરોત્તર વિકાસને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ નામના મેળવેલ છે. શહેરની આવી અવિરત વિકાસયાત્રા જાળવી રાખવા માટે સંસ્થાનિક સ્વરાજયની સંસ્થા એવી સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે. તેમજ શહેરનો સમતોલ વિકાસ માટે આંતર માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધિ પણ ખૂબ જ જરૂરી છે. જેવી કે રસ્તા, લાઈટ, પાણી, પૂલો તેમજ સુરત શહેરએ દિન–પ્રતિદિન ઔધોગિક તથા વેપાર ધંધા રોજગારી ક્ષેત્રે દેશ–વિદેશમાં નામનાં મેળવી ચૂકેલ છે. જે ધ્યાને લેતા શહેરની વસ્તીવધારો ખૂબ જ ઝડપથી થઈ રહયો છે. જેનાં કારણોનુસાર શહેરનાં રસ્તા ઉપર વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહયો છે. જેથી શહેરની ટ્રાફીક સમસ્યાનું નિરાકરણ અર્થે જરૂર જણાય ત્યાં સુરત મહાનગરપાલિકાએ ફલાય ઓવર બ્રીજનું નિર્માણ કરી પ્રજાજનોને લોકાર્પણ કરેલ છે. જેમાં હાલ સુરત શહેરનાં પ્રશ્વિમ વિસ્તારનો હજીરાનાં વિશાળ ઔધોગિક એકમોનાં કારણે અડાજણ મેઈનરોડ જંકશન પર સર્જતી ટ્રાફીક સમસ્યા હલ કરવા માટે અપ રેમ્પ ભૂલકા ભવન જંકશન પર અડાજણ પમ્પીંગ સ્ટેશનથી સરદાર પટેલ બ્રીજ તરફ – ડાઉન રેમ્પ સરદાર પટેલ બ્રીજ પરથી આનંદ મહલ રોડ પર શ્રીજી આર્કેડ સુધી ડાઉન રેમ્પ સરદાર પટેલ બ્રીજ પરથી ભૂલકા ભવન સ્કૂલની સામે જૂના હજીરા–જકાતનાકા તરફ ફલાય ઓવર બ્રીજ કાર્યરત થઈ જશે જે બ્રીજની કુલ લંબાઈ એપ્રોચ સહિત ૧૩૪૪.૨૦ મીટર બ્રીજની પહોળાઈ ૮.૫૦ મીટર કેરેજ વે૭.૫૦ મીટર તથા કુલ સ્થાન –૩૬ નંગ તેમજ આ ફલાય ઓવરબ્રીજનું ગુજરાત સરકારશ્રીની '' સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના'' અંતર્ગત સાકાર કરી શહેરનાં પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ એ પ્રજાની સુખાકારી માટે લોકાર્પણ કરેલ છે.



**Continue …**

 

સાઉથ (ઈસ્ટ ઝોન) માં રહેતાં શહેરનાં મધ્યમવર્ગનાં તેમજ પરપ્રાંતીયોને વર્ગના બાળકો શિક્ષણથી વંચિત ન રહે જે આશયથી સુ.મ.ન.પાલિકાએ ન.પ્રા.શાળા નં.૨૩૧ કમરૂનગર(લિંબાયત) ખાતે ભોળતળિયું સહિત પ્રથમમાળ તેમજ પ્રથમ બીજા માળનું સુંદર આયોજન સાથે કલાસરૂમો, કોમ્પ્યુટર રૂમો,લેબોરેટરીરૂમ તથા સ્ટાફ રૂમ હોલ તથા બાળકોને પીવાની પાણીની તથા અન્ય સુવિધા સહિત પૂરી પાડેલ છે. લિંબાયત વિસ્તારમાં રહેતી જનતાને રોજબરોજની શાકભાજી વિગેરે પોતાનાં રહેણાંકથી નજીકનાં વિસ્તારમાં મળી રહે જે આશયથી સુ.મ.ન.પા.એ ૬૩ જેટલા સ્ટોલનું આયોજન કરી કુલ રૂા.૧૬,૬૧,૭૩૨.૨૭ ખર્ચે શાકમાર્કેટ સાકારિત કરી  મા.મેયરશ્રીનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે.

સાઉથ ઉધના ઝોન ટી.પી.૧ (ઉધના–મજૂરા) ફા.પ્લોટ નં.૭૯ ખાતે ખટોદરા–ઉધના જેવાં શ્રમજીવી તેમજ ધંધા રોજગારી મેળવતાં કામદાર વર્ગને વિવિધ ક્ષેત્રમાં કામગીરીની જાણકારી તથા તાલીમની જરૂરીયાત તથા રાજય સરકારની વિવિધ યોજનાઓ માટે માહિતી કેન્દ્ર, કડીયા નાકાનો વિકાસ તથા નાગરિકો અને સરકારી એજન્સી વચ્ચેની માહિતી સરળતાથી ઉપલબ્ધ બની શકે જેનો લાભ કામદાર વર્ગની પ્રજાને મળે જે માટે સુ.મ.ન.પાલિકાએ અર્બન રીસોર્સ સેન્ટરનું આયોજન કરેલ છે જેનું ખાતમુર્હૂત આજ રોજ કરવામાં આવ્યું જેમાં ગ્રા.ફલોર તથા પ્રથમમાળ, રજીસ્ટેશન, હેલ્થ તથા સ્વાગત કક્ષ, સર્વરરૂમ, ડેટા પોસે સીંગયુનિટ તાલીમ ખંડ, સ્વાસ્થય સેવા કેન્દ્ર માહિતી કીયોસ્ક, યોજનાકીય ફોર્મ આદાન પ્રદાન, હાર્ડવેર શોપ, જનરલ રૂમ, સીકયુરીટી રૂમ, કેન્ટીન તેમજ અન્ય સુવિધા સહિત શહેરીજનોની પ્રજાજનોને પુરી પાડવામાં આવશે.

સાઉથ(ઉધના) ઝોન ખાતે પાંડેસરા હાઉસીંગ બોર્ડમાં તેમજ આસપાસ રહેતાં લોકોનાં જીવન સુખાકારી મય રહે જે આશયથી શહેરનાં લોકોને માનસિક શાંતિની સાથે–સાથે હવે રોજબરોજની વ્યાયામની પણ જરૂરીયાત ખૂબ અતિઆવશ્યક થઈ ગઈ છે. જે આશયથી શાંતેશ્વર ગાર્ડન ખાતે વોક વે નો રોડ તેમજ ગજેબો અંદાજીત રૂા.૧૮,૯૦,૧૨૯.૩૯ નાં ખર્ચે સાકારિત કરવા આયોજન કરેલ છે.

ઉધના ઝોન ટી.પી. નં.૨ ફા.પ્લોટ નં.૮૮ ખાતે આવેલ ખુલ્લી જગ્યામાં સુ.મ.ન.પા.એ એક સુંદર શાંતિકુંજ બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં ઉધના, પાંડેસરા વિસ્તારમાં રહેતા સીનીયર સીટીજનો ભેગા થઈ પોતાની વિતાવેલી જીંદગીનાં અનુભવો તથા એકબીજા સાથે અભિવ્યકત કરી હળવાશ અનુભવે તેમજ વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહે જે આશયથી અંદાજે રૂા.૧૦,૬૭,૬૫૨ નાં ખર્ચે સાકારિત કરવામાં આવશે.

આ પ્રસંગે સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, સી.આર.પાટીલ તથા ડે.મેયરશ્રી શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ તથા મ્યુ.કમિશ્નરશ્રી તથા વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ  તેમજ વોર્ડ સદસ્યોશ્રીઓ મ્યુ.અધિકારીશ્રીો તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭/૦૫/૨૦૧૨ ના રોજ મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્ઘાટનવિધિ

સુરત શહેર તાપી નદીનાં બન્ને કિનારે વિસ્તરેલું અને વિકાસ પામતું શહેર છે. સુરત શહેરનો ઉત્તરોત્તર વિકાસને ધ્યાને લેતાં "સુરત શહેર ગુજરાતનું ગૌરવ છે." ગુજરાતની સમૃધ્ધિ, વિકાસની વાત થતી હોય તો સુરત સુવ્યવસ્થિત શહેર બન્યું છે. જેમાં સુરત મહાનગરપાલિકાનાં શાસકપક્ષની ટીમ સતત પ્રયત્નશીલ છે. જેમાં સુરત શહેરની પ્રાથમિક સુવિધા જેવી કે રસ્તા,લાઈટ,પાણી ડ્રેનેજ તેમજ હાલનાં ટ્રાફીક ભારણ ઘટવા માટે નવા બ્રીજ તેમજ ફલાય ઓવરનું નિર્માણ કરી શહેરની જનતાને આજ રોજ ત્રણ નવા પ્રકલ્પો મા.મુખ્યમંત્રીશ્રીનાં વરદહસ્તે ખુલ્લા મુકવામાં આવેલ છે.





પાણી પુરવઠા,જળસંપતિ અને શહેરીવિકાસ,શહેર ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલએ તેમનાં પ્રાસંગિક પ્રવચનાનાં જણાવ્યું કે સુરત શહેર એ ગુજરાતનું ગૌરવ છે. જયાં પણ ગુજરાતની સમૃધ્ધિ–વિકાસની વાત થાય છે. ત્યારે સુરત સમગ્ર દેશમાં છવાઈ જાય છે. ભારતનાં ભાવી ઘડવૈયા મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં વરદહસ્તે શહેરનાં લાખો નાગરિકો માટે પીવાના પાણીની સુવિધાનાં વિવિધ કામો તથા ડ્રેનેજને લગતાં ૧૭૬૬૪ નબળાવર્ગનાં આવાસોને ડ્રેનેજ સુવિધા પુરી પાડી વરાછા કાપોદ્રાનાં લાખો ભાઈ–બહેનોની જરૂરીયાત સમા તાપી નદી ઉપર કાપોદ્રાથી ઉત્રાણને જોડતાં બ્રીજની લોકાર્પણવિધિ કરી શહેરી જનતાને ટ્રાફીક સમસ્યા તેમજ સમયનો તથા ઈંધણનો બચાવ કરી આ બ્રીજનો નિર્માણ પેટે રૂ.૭૨ કરોડનાં ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. તેમજ આ બ્રીજ "સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" હેઠળ સાકારિત કરવામાં આવેલ છે.








સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત વિવિધ પ્રકલ્પોનાં ઉદઘાટક ગુજરાત રાજયના લોકલાડીલા મા.મુખ્યમંત્રીશ્રીએ તેમનાં પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે સુરત શહેરના આંગણે આજ રોજ અંદાજીત સવા બસો કરોડનાં વિકાસ કામોનું લોકાર્પણ થયું. મનપા અને રાજય સરકાર ધ્વારા રોજનાં વિકાસનાં કામોની હારમાળા સર્જી છે. જયાં અને ત્યાં મકાનો/રસ્તા/ગટર/ગેસ લાઈન તથા પાણીની લાઈનનાં વિવિધ કામો થતાં રહયા. ત્યારે આ વિકાસ કામો ગુજરાત સરકારે સમગ્ર શહેર એક સમયે નાનું શહેર હતું જે આજે દુનિયાની આર્થિક ગતિવિધિમાં સુરતનું નામ આગવું રહયું છે. આજે વિશ્વનાં સમગ્ર દેશો સુરત તરફ નજર કરતાં થાય તે નાની સુની વાત નથી. કેન્દ્ર સરકાર શહેરી વિકાસની ઉત્તમ કામગીરી કરવામાં એવોર્ડ ગુજરાતને ફાળે આવે છે. જેમાં સુરત,અમદાવાદ,વડોદરા,રાજકોટ જેવા વિકસીત શહેરોને ફાળે જાય છે. સુરત શહેરમાં જે હાલમાં વિકાસને ધ્યાનમાં લેતાં સુરત શહેર એક નવસારી સાથે ટવીન સીટી બનવા જઈ રહી છે.

**Continue …**

વિકાસનાં મોર્ડલનાં લીધે સમગ્ર ગુજરાતમાં સુરત ખુબ જ આગળ વધ્યું છે. ગુજરાત સરકારે શહેરી ગરીબોની તંદુરસ્તી (આરોગ્ય) માટે ગરીબ માનવીને ખુબ જ ગંભીર પ્રકારની બીમારી માટે મફત દવાઓ તેમજ તમામ આરોગ્યલક્ષી સુવિધા પુરી પાડી વર્ષે આવા પ્રકારનાં ગરીબ માનવીને રૂા.૩૦ હજાર સુધીનો ખર્ચ રાજયસરકાર તરફથી સવલતો પુરી પાડવા માટે રૂા.૨૦૦ કરોડનું બજેટમાં આયોજન કરવામાં આવેલ છે. તથા ગંભીર કેન્સર જેવી બીમારી માટે રૂા.૨ લાખ  સુધી રાજય સરકાર કરશે. આમ ગરીબોનું માંદગીનાં કારણોસર મૃત્યુ ન થાય. જે ધ્યાને લઈ આરોગ્યલક્ષી યોજના હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગુજરાત રાજય શિક્ષણક્ષેત્ર ખુબ જ પ્રગતિ સાંધી સમગ્ર દેશમાં ગુજરાતનો નવયુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી અદભૂત શિક્ષણક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરેલ છે.






કેન્દ્ર સરકાર ગુજરાતનાં અનેક વિકાસના કામોમાં રોડા નાંખે અમે ગુજરાતનાં ન્યાય હકક માટે લડીએ છીએ. આ સરદાર પટેલનું ગુજરાત છે. અમે જંગ જીતનારા લોકો છીએ.ધાક ધમકીનો સમય પૂર્ણ થયેલ છે. ભ્રષ્ટાચારનું રોજ એક નવું કબાટ ખુલે છે. જેની સામે ગુજરાતની અવિરત વિકાસયાત્રાને કોઈ રોકી નહિં શકે. જેની સાથો સાથ અમારે સર્વાંગી વિકાસ કરવો છે. ૫૦ વર્ષમાં જેટલા ઘર નથી બનાવ્યાં એટલા અમારી સરકાર ૫ વર્ષમાં બનાવવા માંગે છે. અને શહેર અથવા ગામના કોઈ પણ માનવી આવાસ વગરનો ન રહે તેવી યોજના હાથ ધરી સમગ્ર નાગરિકને સુવિધાયુકત મકાનો આપવા અમે નિર્ધાર કર્યો છે. જેની સાથે આજનાં સમગ્ર કાર્યક્રમ સુરત શહેરમાં યોજાયેલ સુરત મહાનગરપાલિકાની ઝડપી તથા સમયસર સુવ્યવસ્થિત ટીમ કામ કરી રહી છે. જે આખી ટીમ અભિનંદનને પાત્ર છે. તેમજ વહીવટી પાંખ સાથે ગુજરાત સરકાર કાયમ માટે પડખે રહેશે તથા ગુજરાત સરકાર સુરત શહેરનાં વિકાસ માટે હંમેશા સાથે રહેશે જેમ જણાવ્યું.






અંતે ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ આભારવિધિ રજુ કરતાં મા.ગુજરાત રાજયનાં લોક લાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, મા.મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા મેયરશ્રી,સાંસદશ્રી સી.આર.પાટીલ, શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યો શ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કીરીટભાઈ પટેલ તેમજ સ્થાયી અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ તથા મ્યુ.કમિશનરશ્રી તથા વિવિધ સમિતિનાં અધ્યક્ષશ્રીઓ  તેમજ ઉપસ્થિત રહેલ વોર્ડ સદસ્યો અને વિશાળ જનમેદનીમાં હાજર આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો. જેથી ખુબ ખુબ આભાર માન્યો હતો.

**TOP**

## સામાજીક–આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી–૨૦૧૧ દરમ્યાન એકત્રીત કરવામાં આવેલ માહિતી/વિગતો પ્રસિધ્ધ કરવા બાબત

સામાજીક–આર્થિક અને જાતિ આધારીત વસતિ ગણતરી–૨૦૧૧ દરમ્યાન એકત્રીત કરવામાં આવેલ માહિતી/વિગતો ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જે પરત્વે જણાવવાનું કે જે કુટુંબો પોતાની માહિતી(જાતિ સિવાયની) જાહેર સ્થળે પ્રદર્શિત કરવા માંગતા ન હોય તેઓએ નિયત નમુનામાં લેખિત અરજી તેમના વિસ્તારમાં આવેલ ઝોન કચેરીમાં સંબંધિત ચાર્જ ઓફિસરને તા.૨૪/૦૫/૨૦૧૨થી દિન–૧૫ના સમયગાળામાં રજૂ કરવાની રહે છે. આવી અરજી ન કરનાર કુટુંબોને ડ્રાફટ લીસ્ટની પ્રસિધ્ધી દરમ્યાન તેઓની જાતિ સિવાયની માહિતી જાહેર સ્થળે પ્રસિધ્ધી કરવા બાબતે કોઈ વાંધો નથી તેવું માનવામાં આવશે.

અરજીનો નમુનો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર/સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તથા ઝોન કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ થશે.

વધુમાં, સદર કામગીરી જાણકારી, સુચનો અને ફરીયાદ નિવારણ માટે મીનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ, નવી દિલ્હી ધ્વારા ટોલ ફ્રી સેન્ટર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જેનો નંબર ૧૮૦૦–૧૮૦–૨૦૧૨ છે. જેનો લાભ લેવા વિનંતી.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે "ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન" અન્વયે મીટીંગનું આયોજન

તા.૨૧/૦૫/૨૦૧૨ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે "ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રિપેર્ડનેસ પ્લાન" અન્વયે ઝોનલ ચીફશ્રી અને સીટી ઈજનેરશ્રીના અધ્યક્ષ સ્થાને સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ/પ્રતિનિધિઓની સાથે ખાડીપુર/નદીપુર જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, સાફસફાઈ તથા પુનઃવસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર તેઓ સંકલન કરી અત્રેના ઝોનનાં કયા વિસ્તારમાં, કઈ સંસ્થા કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા આપી શકે તેમ છે તે અંગે જરૂરી માહિતી સુનિશ્ચિત કરવા મિટીંગ મળી હતી. જેમાં સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ૩૦(ત્રીસ) સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખશ્રી/પ્રતિનિધિશ્રીઓ હાજર રહેલ હતા. મીટીંગની શરૂઆતમાં ઝોનલ ચીફશ્રી અને સીટી ઈજનેરશ્રીએ હાજર રહેલ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો, પ્રતિનિધીઓનું હાર્દિક સ્વાગત કરી મીટીંગનો ઉદ્દેશ સ્પષ્ટ કરેલ હતો. ત્યારબાદ સ્વૈચ્છિક સંસ્થાઓના હાજર રહેલા પ્રતિનિધિઓની ઓળખવિધિ તેમજ સંસ્થાની પ્રવૃતિ વિષે ટુંકમાં માહિતી આપી પરીચય કેળવ્યો હતો. ત્યારબાદ ડે.ટાઉનપ્લાનરશ્રીએ અગાઉના વર્ષોમાં આવેલ ખાડીપુર/નદીપુર વખતે ઉપસ્થિત થયેલ પરિસ્થિતી અંગે વિગતવાર ચિતાર રજુ કરી સાવચેતીના અને આયોજનનાં ભાગરૂપે લેવામાં આવેલા પગલાં અંગેની વિગતવાર આંકડાકીય માહિતીનું પ્રેઝન્ટેશન રજુ કરેલ હતું. કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કુદરતી આફત પહેલા કરવાજોગ આગોતરા આયોજનની માહિતી આપી, અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન ધ્વારા કરેલી કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી. કુદરતી આફતને પહોંચી વળવા લેવાજોગ પગલા અંગેની વિસ્તૃત ચર્ચા સદર મીટીંગમાં આપી હતી. સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી હકારાત્મક પ્રતિભાવ આપી કુદરતી આફતના સમયે સુરત મહાનગરપાલિકા સાથે ખભેખભા મિલાવી કામગીરી કરવાની તત્પરતા દર્શાવી હતી. અંતે તમામ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓનો આભાર પ્રદર્શિત કરી મીટીંગનું સમાપન કરવામાં આવેલ હતું.

TOP

## સમર કેમ્પ ૨૦૧૨

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર દ્વારા બાળકોની સુષુપ્ત શકિતઓ ખીલે તથા તેઓ વિજ્ઞાન અને કળા જેવા ક્ષેત્રોમાં રસ કેળવે તે હેતુસર સાયન્સ સેન્ટર ખાતે તા. ૦૧/૦૫/૨૦૧૨ થી તા. ૧૦/૦૫/૨૦૧૨ સુધી ૧૦ દિવસ માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં સાયન્સ સેન્ટરના સ્ટાફ ઉપરાંત અન્ય તજજ્ઞો દ્વારા બાળકોને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. બાળકોને તેમના વયજૂથના આધારે ૨(બે) ગ્રૃપમાં વહેચવામાં આવ્યા હતા. એક ગ્રૃપ ૭ થી ૧૨ વર્ષની વયજૂથ ધરાવતા અને બીજુ ગ્રૃપ ૧૩ થી ૧૭ વર્ષની વયજૂથ ધરાવતા બાળકોનું હતું. બન્ને ગ્રૃપની પ્રવૃત્તિઓ તેમના વયજૂથને ધ્યાનમાં રાખી નકકી કરવામાં આવી હતી. આ સમર કેમ્પમાં ૭ થી ૧૨ વર્ષના ૪૭ અને ૧૩ થી ૧૭ વર્ષના ૬૬ મળીને કુલ ૧૧૩ બાળકોએ ભાગ લીધો હતો.

૭ થી ૧૨ વર્ષના બાળકો માટેના બે ગ્રૃપ પૈકીના પ્રથમ ગ્રૃપમાં ડ્રોઈંગ, વેસ્ટમાંથી બેસ્ટ, ઓરેગામી, કલરફુલ સરપ્રાઈઝ, ક્રાફટ અને ટી–શર્ટ પેઈન્ટીંગ જેવી પ્રવૃત્તિઓ તથા બીજા ગ્રૃપમાં ફેન્સી એન્વેલપ, પોટ ડેકોરેશન, ફલાવર મેઈકીંગ, નેઈમ પ્લેટ મેઈકીંગ તથા ટી–શર્ટ પેઈન્ટીંગ જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. ડ્રોઈંગ માટે શ્રી જશવંતભાઈ નથ્થુકારાવાલાએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી જેમાં તેમણે બાળકોને મૂળભૂત આકારો તથા રંગો વિશેની સમજ આપી હતી. તજજ્ઞોશ્રી રીટાબેન રાઠોડ તથા છાયાબેન કંસારીવાલાએ "વેસ્ટમાંથી બેસ્ટ" પ્રવૃત્તિ અંતર્ગત કાગળમાંથી તોરણ તથા કાગળના વિવિધ આકારના એન્વેલપ બનાવવાનું શીખવ્યું હતુ. સાયન્સ સેન્ટરના પ્લેનેટોરીયમ ગાઈડ શ્વેતાબેન સોની દ્વારા બાળકોને જાપાની કળા–ઓરેગામીની સમજ આપવામાં આવી હતી તથા ઓરેગામી પેપરથી પેન સ્ટેન્ડ બનાવતા શીખવ્યું હતુ. પ્લેનેટોરીયમ ગાઈડ હિમાંશુભાઈ દેસાઈ દ્વારા કલરફુલ સરપ્રાઈઝ બનાવવાનું શીખાવવામાં આવ્યું હતુ. સાયન્સ સેન્ટરના સ્ટાફ હર્ષાબેન અને ભૂમિજાબેન દ્વારા ફેન્સી એન્વેલપ, પોટ ડેકોરેશન તથા ફલાવર મેઈકીંગ જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. બાળકોએ પેપર અને તારમાંથી ખૂબ સુંદર ફુલ બનાવ્યા હતા તથા સુશોભિત પોટ તૈયાર કરયા હતા. મ્યુઝિયમના ગેલેરી આસીસટન્ટ શ્રી ટોમસન ભગતે બાળકોને સ્ટેમ્પ બુક તથા નેઈમ પ્લેટ બનાવતા શીખવ્યું હતુ. સાયન્સ સેન્ટરના ચીફ કયુરેટર કુ.ભામિનીબેન મહિડા દ્વારા ટી–શર્ટ પેઈન્ટીંગ કરાવવામાં આવ્યુ હતું જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા બતાવી વિવિધ રંગો દ્વારા "SUMMER CAMP-2012" નું પેઈન્ટીંગ ટી–શર્ટ પર કર્યું હતું.



વેસ્ટમાંથી બેસ્ટ



કલરફુલ સરપ્રાઈઝ



ડ્રોઈંગ



ફેન્સી એન્વેલપ



પોટ ડેકોરેશન



ટી–શર્ટ પેઈન્ટીંગ

**Continue …**

૧૩ થી ૧૭ વર્ષના બાળકોના ૫ (પાંચ) ગ્રૃપ પાડવામાં આવ્યા હતા જેમાં પ્રથમ ગ્રૃપમાં સાયન્સ અને એસ્ટ્રોનોમી અંતર્ગત ગ્રહો, નક્ષત્રો, ચંદ્રની કળાઓ, ઋતુ ચક્ર, વિગેરે વિષયોની સમજ આપવામાં આવી હતી. બીજા ગ્રૃપમાં જીઓ બોર્ડ, ક્રાફટ, હોબી, સેન્ડ પેઈન્ટીંગ અને બનાવવાની પ્રવૃતિ કરાવવામાં આવી હતી. ત્રીજા ગ્રૃપમાં પેરીસ્કોપ, સન ડાયલ, એલી વેટર, સ્પેકટ્રોસ્કોપ બનાવવાની તથા મેથ્સ પઝલ અને તેનો ઉકેલ શીખવવાની પ્રવૃતિ કરાવવામાં આવી હતી. ચોથા ગ્રૃપમાં મોડલ રોકેટ બનાવવાની તથા તેના લોન્ચીંગની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. પાંચમાં ગ્રૃપમાં કેલીગ્રાફીની કળા શીખવવામાં આવી હતી.

પ્રથમ ગ્રૃપ સાયન્સ અને એસ્ટ્રોનોમીનું હતું જેમાં સાયન્સ સેન્ટરના પ્લેનેટોરીયમ ગાઈડ હિમાંશુભાઈ દેસાઈ, શ્વેતાબેન સોની તથા પ્લેનેટોરીયમ ઓપરેટર ઉમેશભાઈ ગાવિંત દ્વારા બેઝીક એસ્ટ્રોનોમી, ગ્રહો, નક્ષત્રો, ચંદ્રની કળાઓ અને ઋતુ ચક્ર વિગેરે વિષયોની તલસ્પર્શી સમજ આપવામાં આવી હતી. તેઓ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝનટેશનના ઉપયોગથી અને બાળકોને પ્લેનેટોરીયમમાં લઈ જઈ પ્રત્યક્ષ અનુભવ આપવા દ્વારા એસ્ટ્રોનોમીની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ડે–ટાઈમ એસ્ટ્રોનોમીના ભાગરૂપે બાળકોને દિવસે ટેલીસ્કોપ દ્વારા સન સ્પોટ (સૂર્ય કલંકો) બતાવવામાં આવ્યા હતા.

ગ્રૃપ બે માં બાળકોને હિમાંશુભાઈ દેસાઈ દ્વારા થર્મોકોલમાંથી જીઓ બોર્ડ બનાવતા શીખાવવામાં આવ્યું હતુ જેના દ્વારા વિવિધ ભૌમિતીક આકારોની સમજ આપવામાં આવી હતી. તેઓ દ્વારા પોતાની રાશી પ્રમાણે માટલામાં છિદ્ર પાડી ''પોટ પ્લેનેટોરીયમ'' બનાવતા પણ શીખવ્યું હતું. શ્વેતાબેન દ્વારા બાળકોને સેન્ડ પેઈન્ટીંગ શીખવવામાં આવ્યું હતુ. બાળકોએ પોતાની સર્જન શકિત પ્રમાણે બનાવેલ પેઈન્ટીંગમાં રેતી અને રંગો દ્વારા સુંદર કલા કૃતિ બનાવી હતી. બાળકોમાં હોબીનો વિકાસ થાય તે હેતુસર તજજ્ઞશ્રી હિરેનભાઈ ઝવેરી કે જેઓ ફીલાટેલીસ્ટ છે તેમના દ્વારા હોબી વિષયની સમજ આપવામાં આવી હતી.



બેઝીક એસ્ટ્રોનોમી



એલી વેટર



જીઓ બોર્ડ



હોબી



મોડલ રોકેટ



પોટ પ્લેનેટોરીયમ



સેન્ડ પેઈન્ટીંગ



પેરીસ્કોપ



નક્ષત્રો

Continue ...

ત્રીજા ગ્રૂપમાં હિમાંશુભાઈ દેસાઈ દ્વારા વિજ્ઞાનના પ્રકાશીય સિદ્ધાંતો પર કામ કરતા " પેરીસ્કોપ" અને "સનડાયલ"ના મોડલ બનાવવાનું શીખવવામાં આવ્યું હતુ. જે બનાવવામાં બાળકોને ખૂબ રસ પડયો હતો. સાયન્સ સેન્ટરના સાયન્સ કયુરેટર શ્રી દિવ્યેશભાઈ ગામેતી દ્વારા એલીવેટર(લીફટ)નું વર્કીંગ મોડલ બનાવવાનું શીખવવામાં આવ્યું હતુ જેમાં બાળકોને એલીવેટરનો સિદ્ધાંત તથા તેની કાર્ય પધ્ધતિની પણ સમજ આપવામાં આવી હતી. હિમાંશુભાઈ દ્વારા CD માંથી સ્પેકટ્રોસ્કોપ બનાવતા શીખવ્યું હતુ. શ્વેતાબેન દ્વારા વિવિધ મેથ્સ પઝલ્સ (ગાણિતીક કોયડાઓ) પૂછવામાં આવ્યા હતા તથા તેનો ઉકેલ પણ સમજાવવામાં આવ્યો હતો.

ચોથા ગ્રૂપમાં પ્લેનેટોરીયમ ઓપરેટર ઉમેશભાઈ ગાવિંત દ્વારા મોડલ રોકેટ બનાવતા શીખાવવામાં આવ્યું હતુ. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ બનાવેલ રોકેટનું લોન્ચીંગ સમર કેમ્પના અંતિમ દિવસે સાયન્સ સેન્ટરના પટાંગણમાં રાખવામાં આવ્યું હતુ. બાળકોને પોતે બનાવેલ રોકેટને લોન્ચ કરવામાં ખૂબ જ મઝા પડી હતી.

૧૩ થી ૧૭ વર્ષની વયના પાંચમાં ગ્રૂપમાં સાયન્સ સેન્ટરના ફોટોગ્રાફર કમ કલાર્ક શ્રી સંજયભાઈ ચોકસી દ્વારા બાળકોને કેલીગ્રાફીની કળા શીખવવામાં આવી હતી જેમાં બાળકોએ કેલીગ્રાફીનો ઈતિહાસ, તેમજ વિવિધ લેખન શૈલીની માહિતી આપવામાં આવી હતી અને "અર્થપૂર્ણ શબ્દો" રંગપૂરણી દ્વારા ચિત્ર સ્વરૂપે લખાવવામાં આવ્યા હતા.

તા. ૦૬/૦૫/૨૦૧૨ ના રોજ સમર કેમ્પના તમામ બાળકો અને તેઓના વાલીઓને માટે આકાશ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ રાત્રે ચંદ્ર પૃથ્વીથી ઘણો જ નજીક હોવાથી ખૂબ મોટો દેખાતો હતો જેને " સુપર મૂન" તરીકે પણ ઓળખવામાં આવે છે. ટેલીસ્કોપ દ્વારા સૌને "સુપર મૂન" નું અવલોકન પ્લેનેટોરીયમ ગાઈડ હિંમાશુભાઈ દેસાઈ તથા શ્વેતાબેન સોની દ્વારા કરાવવામાં આવ્યું હતુ. તેઓ દ્વારા પ્રત્યક્ષ આકાશ દર્શનમાં નક્ષત્રો, ગ્રહો, તથા અન્ય ખગોળીય બાબતો વિશે સમજ આપવામાં આવી હતી. આ સમયે બાળકો અને વાલીઓની ખૂબ સારી સંખ્યામાં હાજરી હતી જે ખૂબજ ઉત્તેજનદાયક બાબત હતી.

સમર કેમ્પના આ ૧૦ (દશ) દિવસ દરમ્યાન બાળકોએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમરકેમ્પની પૂર્ણાહૂતી તા.૧૧/૦૫/૨૦૧૨ ના રોજ કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ મા. શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી તથા સાંસ્કૃતિક સમિતિના સભ્યોશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાલા અને શ્રીમતી રંજનબેન પટેલ તથા તજજ્ઞ તરીકે સેવા આપનાર શ્રી જશવંતભાઈ નથ્થુકારાવાલા, શ્રી છાયાબેન કંસારીવાળા અને શ્રી રીટાબેન રાઠોડ તથા  શ્રી હિરેનભાઈ ઝવેરીની હાજરીમાં બાળકોને સર્ટીફીકેટ વિતરણ દ્વારા કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે બાળકો દ્વારા બનાવેલ દરેક વસ્તુનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતુ. બાળકોએ બનાવેલ દરેક વસ્તુ તેઓ પોતાને ઘરે લઈ ગયા હતા.







સમર કેમ્પના દરેક બાળકોને ગ્રૂપ પ્રમાણે એક દિવસ સંપૂર્ણ સાયન્સ સેન્ટરની વિઝીટ કરાવવામાં આવી હતી જેમાં તેઓએ ફન સાયન્સ ગેલેરી, પ્લેનેટોરીયમ તથા મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. જેમાં ખૂબજ મઝા પડી હતી. સમગ્ર સમર કેમ્પનું સફળ સંચાલન ચીફ કયુરેટર કુ. ભામિનીબેન મહિડા દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP